ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





પવિત્ર શ્રાવણ માસમાં સોમવારનું અનેરૂ મહત્વ છે. મહાદેવજીના આ વારે શ્રદ્ધાળુઓમાં જાણે ભોળાનાથને રીઝવવાની હોડ લાગે છે અને વહેલી સવારથી શિવલિંગ પર દૂધ,પાણી તથા બિલીપત્રનો અભિષેક કરવા ભાવિકો શહેરના શિવાલયોમાં ઉમટી પડે છે. જેના પગલે મંદિરોમાં પણ ''વેઈટીંગ'' જોવા મળે છે. શહેરના ચ-૬ સર્કલ નજીક સે. ૨૧ના વૈજનાથ મહાદેવ ખાતે સોમવારની સવારે આ રીતે ''વેઈટીંગવાળી લાઈન' લાગી હતી. જ્યારે બીજી તરફ સે. ૨૨માં સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે પણ ભક્તોએ દર્શન માટે ભીડ જમાવી હતી. શહેરના સેક્ટર-૧૬માં સોમનાથ મહાદેવ ખાતે શિવલિંગને ચલણી સિક્કાથી શણગારવામાં આવ્યું હતુ. જેમાં અઢી હજાર રૂપિયાની કિંમતના સિક્કાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# અડધા ચોમાસા બાદ પણ સંત સરોવરને પાણી પહોંચ્યુ નથી

ગાંધીનગર, તા. ૧૨

સંત સરોવર બન્યાના ચાર વર્ષ પછી પહેલીવાર ઓગષ્ટ અર્ધો માસ પસાર થઈ ગયા પછી પણ અહિ નદીના નીર આવ્યા નથી.

સંત સરોવર ૨૦૧૪માં પૂર્ણ થવા પામ્યો હતો પરંતુ તે ઓપરેશનમાં ૨૦૧૫થી આવેલ છે. સંત સરોવર માટે અગાઉ એક નાનકડા સ્ટ્રક્ચરનું નિર્માણ કરાયુ હતુ પરંતુ ધરોઈમાંથી છોડાયેલા પાણીને કારણે તે ટકી શક્યુ ન હતુ અને આખો પુલ ધોવાઈ ગયો હતો.

જિલ્લામાં કે નદીના ઉપરવાસમાં આ વખતે વરસાદ જરૂર થયો છે પણ ધરોઈમાંથી પાણી છોડવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ નથી. બીજુ નદીના ઉપરવાસમાં થયેલ વરસાદને પગલે લાકરોડા વિયરમાંથી બે તબક્કે પાણી છોડવામાં આવ્યુ છે પણ તે સંતસરોવર સુધી પહોંચી શક્યુ નથી. સાબરમતી નદીમાં થઈ રહેલ આડેધડ રેતી ખનનને પગલે નદીના વહેણ સંત સરોવર સુધી પહોંચી શકયા નથી. સંત સરોવરમાં પાણી ન આવતાં ૧૪ ગામ તેમજ ગાંધીનગર શહેરના ભૂગર્ભ જળ રિચાર્જ સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

જોકે હજુ ચોમાસુ પુરૂ થવાનુ બાકી છે અને વરસાદ સારો થતાં આ સરોવરમાં પાણી આવે તે જરૂરી છે.

એક તબક્કે આ સંત સરોવરમાં નર્મદાનું પાણી પાઈપલાઈનથી નાખી અને ભરવાની પણ વિચારણા હાથ ધરાઈ હતી પરંતુ આ આખોય પ્રોજેક્ટ ફાઈલોમાં અટવાઈ જવા પામ્યો છે. આ સંત સરોવરને પિકનીક પોઈંટ તરીકે ડેવલપ કરવાની વાત પણ ફાઈલમાં અટવાઈ જવા પામી છે. જે નોંધનીય છે.

**મનપા સ્થાયી સમિતિની બેઠકમાં**

# શહેરના માર્ગોના ધોવાણ અને ડિઝાસ્ટર ફેઈલયોર પ્લાન અંગે ચર્ચા થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે એક મહત્વની બેઠક ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળશે.

બપોરે ૩ વાગે મળનાર બેઠકમાં સરદાર પટેલની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ એકતા રથયાત્રાના બિલોની ચુકવણીનો બહાલી આપવા માટે વિચારણા કરવામાં આવનાર છે.

આ બેઠકમાં ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામમાં આર.સી.સી.ના રોડ બનાવવા તથા શેડ બનાવવા અંગે જારી

● અનુસંધાન પાન-૭ પર

# પવિત્ર શ્રાવણ મહીનામાં રવિવારે સોમનાથ જવા માટે ખાસ વધારાની બસ

ગાંધીનગર તા ૧૨

પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન શિવભક્તોમાં વિશેષ ઉત્સાહનુ મોજુ જોવા મળી રહ્યુ છે. નગરના શિવમંદિરોમાં પણ ભાવિકોની ભીડ જોવા મળે છે. અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે વિશેષ પુજા અને આરતી શણગારના લીધે શિવમંદિરો ભાવિકો માટે શ્રદ્ધા ભક્તિનુ કેન્દ્ર બન્યા છે. નગર આસપાસના શિવમંદિરો સહીત પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિર જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ છે. જેને ધ્યાને લઈ ગાંધીનગર ડેપોથી રવિવારે રાત્રે ૮ : ૩૦ એસ ટી તંત્ર દ્વારા સોમનાથ રૂટની ખાસ બસ સેવાનુ પણ આયોજન કર્યુ છે.

પવિત્ર શ્રાવણ મહીનામાં નગરના શિવાલયોમાં ભાવિકોની ભીડ જામી રહી છે. રોજબરોજ ભોળાનાથની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો જળ અને દુધનો અભિષેક કરી શિવલીંગના દર્શન કરી ધન્યતા અનુભવે છે. શિવમંદિરોમાં પણ અનેક ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. નગર ઉપરાંત આસપાસ સ્થિત ધોળેશ્વર મહાદેવ, કોટેશ્વર મંદિર તેમજ વાસણિયા મહાદેવ મંદિરે પણ ભાવિકોની ભીડ ઉમટે છે. બીજીતરફ શ્રાવણ મહીનામાં ગાંધીનગરથી પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિરના દર્શન કરવા માટે પણ મોટી સંખ્યામાં ભાવિકો જાય છે. ગાંધીનગર તેમજ આસપાસના ગામોમાંથી પણ સોમનાથ જવા માટે ભાવિકો વિશેષ ઉત્સુક છે. શ્રાવણમાં સોમનાથ મંદિરના દર્શન કરવા માટે એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે વર્ષ દરમિયાન રોજ સોમનાથ રૂટ માટે ખાસ બસ સેવા પણ ગાંધીનગર એસ ટી થી રૂટમાં દોડે છે . પરંતુ શ્રાવણ મહીનામાં રવિવારે તેમજ સોમવારે સોમનાથ જતા ભાવિકોની સંખ્યા વિશેષ રહેતી હોવાથી એસ ટી તંત્ર દ્વારા રવિવારે પણ ખાસ વધારાની બસ દોડાવાનુ આયોજન કરાયુ છે. જેથી રવિવારે રાત્રિના ૮ : ૩૦ કલાકે સોમનાથ જવા માટે મુસાફરોની સંખ્યા ધ્યાને લઈ વધારાની બસ પણ ગાંધીનગરથી સોમનાથ રૂટમાં મુકવામાં આવે છે. એસ ટી તંત્ર દ્વારા આ સોમનાથ રૂટની ખાસ બસ સેવાનો લાભ લેવા માટે પણ ભાવિકોને અપીલ કરવામાં આવી છે.

# શહેરમાં વરસાદી દિવસોમાં હજુ સુકા અને નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં

**સેકટરોમાં તોતિંગ નમી પડેલી ડાળીઓનુ યોગ્ય ટ્રીમીંગ કરવા પણ પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન હરિયાળા વૃક્ષોની સંખ્યા વધારવા નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે .જયારે બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં નમી પડેલા ભયજનક વૃક્ષો તેમજ તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે ત્યારે જોખમી સ્થિતિને નિવારવા માટે પણ યોગ્ય પગલા લેવાય તેવી માંગણી ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં વરસાદી ઋતુ જામતા હરિયાળી પણ નિખરી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ આંખોને ઠંડક આપે તેવા હરિયાળા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરને વધુ હરિયાળુ બનાવવા માટે વરસાદી દિવસો દરમિયાન વધુ રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. પરંતુ હજુ વૃક્ષોની વાવણી સાથે વૃક્ષોની યોગ્ય માવજત અને જાળવણીનુ કામ યોગ્ય રીતે ન થતુ હોવાનો રોષ પણ પર્યાવરણ પ્રેમીઓ ઠાલવી રહ્યા છે. બીજીતરફ શહેરમાં નમી પડેલા , સુકા અને જોખમી વૃક્ષો જોવા મળી રહ્યા છે. વરસાદી ઋતુમાં વૃક્ષો જમીનદોસ્ત થવાના કીસ્સાઓ પણ ધ્યાને આવી રહ્યા છે. સેકટરોના આંતરિક માર્ગો

● અનુસંધાન પાન-૭ પર

# હિરા ઉદ્યોગ ક્ષેત્રે રશિયા સાથે ભાગીદારી ઉપયોગી : રૂપાણી

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રશિયા અને ગુજરાત વચ્ચેના વ્યાપારિક સંબંધોને વ્યાપક બનાવવાના નવા અવસરો ગુજરાત અને રશિયન ફાર ઈસ્ટ રીજિયન સાથે મળીને ઊભા કરશે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ ડાયમંડ સેક્ટરમાં રશિયા સાથે ગુજરાતની વેપાર-ઉદ્યોગની વિપૂલ સંભાવનાઓનો વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યું કે, રશિયા વિશ્વના સૌથી મોટા હીરાના ભંડાર પૈકીનું એક છે. વિશ્વના ત્રીજા ભાગના રફ ડાયમંડ રશિયામાં ઉપલબ્ધ છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, સામાપક્ષે ભારત પણ રફ ડાયમંડ પોલિશિંગ અને કટિંગમાં વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર છે. ગુજરાતમાં ૮૦ ટકા ડાયમંડ પ્રોસેસીંગ થાય છે અને ૯૫ ટકા પ્રોસેસ્ડ ડાયમન્ડ આખા વિશ્વમાં ભારતમાંથી નિકાસ થાય છે. સુરતમાં વિશ્વની સૌથી મોટી ડાયમંડ કટીંગ એન્ડ પોલીશીંગ ઈન્ડસ્ટ્રી છે, ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ત્રાસવાદી હુમલાની દહેશતના પગલે સઘન સુરક્ષા

**રાજ્યમાં પ્રવેશના તમામ માર્ગો પર નાકાબંધી : ધાર્મિક સ્થળો, તમામ એરપોર્ટ, રેલવે, એસટી બસ સ્ટોપો સહિતના જાહેર સ્થળો પર સુરક્ષા વધુ મજબૂત કરી દેવાઈ**

ગાંધીનગર, તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવ્યા બાદ અને તા.૧૫મી ઓગસ્ટને અનુલક્ષીને દેશભરના રાજ્યોને એલર્ટ કરવામાં આવ્યા છે. આઈબીને મહત્વના ઈનપુટ મળ્યા છે કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં આતંકી હુમલો થઈ શકે છે. આ સંદર્ભે આઈબીએ ગુજરાત સરકારને રિપોર્ટ સોંપ્યો છે. આતંકી હુમલાના આશંકાને લઈ દરિયાઈ વિસ્તારોમાં પેટ્રોલીંગ વધારી દેવામાં આવી છે. અમદાવાદ સહિત રાજયભરમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા જબરદસ્ત ચેકીંગ અને સતત પેટ્રોલીંગ ચાલી રહ્યા છે. રાજય સરકાર અને ડીજીપી તરફથી આ અંગે સઘન સુરક્ષા અને બાજનજરના નિર્દેશો જારી કરી દીધા છે. ઈન્ટેલિજન્સ બ્યૂરોએ ગુજરાતના મહત્વના સ્થળો પર આતંકી હુમલાની આશંકા વ્યક્ત કરી છે. આગામી તા.૧૫મી ઓગસ્ટ તથા પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સોમનાથ મંદિર, અંબાજી મંદિર, દ્વારકા સહિતના યાત્રાધામ અને બોર્ડર તથા દરિયાઇ સુરક્ષા વધારી દેવામાં આવી છે.

જ્યારે ગુજરાતમાં પ્રવેશના તમામ માર્ગો પર ઠેર ઠેર નાકાબંધી કરીને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે, તેમજ અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં પણ પોલીસ પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે.

ગુજરાતમાં પણ કોઈપણ પ્રકારની ભાંગફોડ પ્રવૃત્તિ બને તે તેને ધ્યાનમાં રાખીને પોલીસ સતર્ક બની ગઈ છે. ખાસ કરીને જાહેર સ્થળો પર સુરક્ષા બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. બીજીતરફ કચ્છ ભુજ બોર્ડર પર પણ ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જ્યારે કોસ્ટ ગાર્ડને પણ એલર્ટ રહેવાના આદેશો આપીને દરિયાઇ પણ વધારી દેવામાં આવી છે.

**શાળાનો સમય સવારનો કરવાની માંગ સાથે**

# અડાલજ માણેકબા કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ આગ બબુલા બન્યા

**તમારે ભણવુ હોય તો ભણો એલ સી પકડાવી દઇશ : શાળાનો સમય બદલવા ના મામલે વિદ્યાર્થીઓની રજુઆત સંદર્ભે આચાર્યએ ધમકાવીને તગેડી મુક્યા : અચોકક્સ મુદતની હડતાલ પાડવા વિદ્યાર્થીઓની ચિમકી**

ગાંધીનગર તા ૧૨

અડાલજ સ્થિત માણેકબા કૃષિ વિદ્યાલયમાં શાળાનો સમય બદલવા માટે વિદ્યાર્થીઓ દ્વારા આચાર્યને રજુઆત કરવામાં આવતા આચાર્યએ વિદ્યાર્થીઓને એલ સી આપવાની ધમકી આપી તગેડી મુકતા વિદ્યાર્થીઓ આગ બબુલા બન્યા છે. આ મામલે વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સહીત વિભાગના અધિકારીઆને પણ રજુઆત કરવામાં આવી છે. આ મામલે વિદ્યાર્થીઓની માંગણી નહીં સ્વીકારવામાં આવે તો અચોક્કસ મુદતની હડતાળની રાહે લડત આપવામાં આવશે તેમ પણ વિદ્યાર્થીઓએ જણાંવ્યુ છે.

અડાલજ માણેકબા કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શાળાનો બપોરનો સમય બદલીને સવારનો કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરી છે. આ અંગે વિદ્યાર્થીઓએ રજુઆતમાં જણાંવ્યા મુજબ અમારી શાળાનો સમય અત્યારે બપોરે ૧૧ થી ૫ નો સમય છે. જયારે શાળાનો સમય સવારનો કરવા માટે વિદ્યાર્થીઓ દ્વારા આચાર્યને રજુઆત કરવામાં આવી છે. શાળાનો મોર્નિંગ ટાઈમ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને બપોર બાદ લેશન કરવાનો તેમજ ટયુશન જવાનો સમય મળે આ ઉપરાંત પરીક્ષાલક્ષી તૈયારી કરવાનો પણ પુરતો સમય મળે તો વિદ્યાર્થીઓને રાહત થાય. શાળાનો સમય બદલવા માટે વિદ્યાર્થીઓએ આચાર્યને રજુઆત કરી પરંતુ આ તબક્કે શાળાના આચાર્યએ અમને ધમકાવી કોઈપણ સંજોગોમાં શાળાનો સમય બદલાશે નહીં તમારે ભણવુ હોય તો ભણો નહીંતર એલ સી કાઢી આપીશ તેમ કહીને શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને ધમકાવીને તગેડી મુક્યા હતા. માણેકબા સ્કુલની જેમ જ અમદાવાદમાં શેઠ સી એન વિદ્યાલય છે. જયારે આ બન્ને સંસ્થાનુ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
લક્ષ્મણજી ગોરાજી વણઝારા (સોંડીયા)
તા.૧૧-૮-૨૦૧૯ ને રવિવારના રોજ દેવલોક પામ્યાં છે. સદ્‌ગતનું બેસણું તા.૧૪-૮-૨૦૧૯ ને બુધવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે
સ્થળ :- વણઝારાવાસ, બસસ્ટેન્ડ સામે, હિંમતનગર, જી.સાબરકાંઠા.
લિ.
કરશનજી લક્ષ્મણજી વણઝારા (પુત્ર)
બળવંતજી લક્ષ્મણજી વણઝારા (પુત્ર)
રાજુજી લક્ષ્મણજી વણઝારા (પુત્ર)
મોતીજી ગોરાજી વણઝારા (ભાઈ)
મગનજીત ગોરાજી વણઝારા (ભાઈ)
વિજયજી લક્ષ્મણજી વણઝારા (પુત્ર)

નવમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા
સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦
આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી. સૌરભ બની પ્રસરી ગયા. જીવન જીવ્યા ખુમારીથી. સુખ-દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયા. આપની કૌટુંબિક ભાવના અને પરોપકારવૃત્તિની સુવાસ સદા મહેંકતી રહેશે. આપ હંમેશા સૌના હૃદયમાં જીવંત રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com